# રાજ્યમાં રન ફોર યુનિટીમાં ૪૦ લાખથી વધુ જોડાયા

## અમદાવાદ સહિત ૧૧૦૦ સ્થળોએ એકતા દોડનું આયોજન થયુ : વડોદરામાં મોદીએ અઢી લાખથી વધુની લોકશક્તિને એકતાનો સંદેશ આપતી રન ફોર યુનિટીને પ્રસ્થાન કરાવ્યુ : ભારત દુનિયાની મહાસત્તા બનશે : મોદી

અમદાવાદ, તા.૧૫

રન ફોર યુનિટી કાર્યક્રમનું આજે દેશભરમાં આયોજન કરવામાં આવ્યુ હતુ. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વડોદરામાં અઢી લાખથી વધુ નગરજનોની લોકશક્તિને એકતાનો સંદેશ આપતી રન ફોર યુનિટીને પ્રસ્થાન કરાવ્યુ હતુ. ૧૧૦૦થી વધુ સ્થળોએ ૪૦ લાખથી વધારે લોકો આજે એકતાની દોડમાં જોડાયા હતા. આની સાથે જ ભારતભરમાં રન ફોર યુનિટીની એકતાની દોડનું મહાઅભિયાન સંપન્ન થયુ હતુ. મોદીએ કહ્યુ હતુ કે ભારત વિશ્વની મહાસત્તા બનવાની દિશામાં આગળ વધશે.


મોદીએ જણાવ્યું હતુ કે એકતા, સુશાસન અને જનભાગીદારીની શક્તિના ત્રણ આધાર સ્તંભ ઉપર ભારત વિશ્વની મહાસત્તા બને તે માટેનું આ રાષ્ટ્રીય આંદોલન છે. તેમણે જણાવ્યું કે, ભારતની વિવિધતા એ વિશેષતા છે, વિવશતા નથી, સદીઓથી ભારતની વિવિધતામાં એકતાની શક્તિને મજબૂત બનાવવાનું દાયિત્વ આપમી વર્તમાન અને આવતીકાલની પેઢીનું અવિરત કર્તવ્ય છે. આજે સરદાર સાહેબની ૬૩મી પુણ્યતિથિએ સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના ઉપક્રમે વડોદારમાં વહેલી સવારે અઢી લાખથી અધિક નગરજનોની ભાગીદારી સાથએ મુખ્યમંત્રીએ રન ફોરન યુનિટીના દોડવીર ભાઈ-બહેનોની એકતા માટેની દોડનું પ્રસ્થાન કરાવ્યું હતુ. મુખ્યમંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા લોહપુરુષ સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની પ્રતિમા પ્રસ્થાપિત કરીને એકતાનું ભવ્ય સ્મારક બનાવવાની પ્રકલ્પનો શિલાન્યાસ ૩૧મી ઓક્ટોબર સરદાર જયંતીએ કર્યો હતો અને આજે સરદાર પટેલની પુણ્યતિથિએ સમગ્ર દેશમાં એકતાની જનશક્તિનો સાક્ષાત્કાર કરાવતી રન ફોર યુનિટીને પ્રસ્થાન કરાવ્યું હતું. સરદાર સાહેબે દેશના લોકોને ગાંધીજી સાથે જોડ્યા, આઝાદીના આંદોલન સાથે જોડ્યા, કિસાનોને સત્યાગ્રહ સાથે જોડ્યા અને સ્વરાજ પછી પ્રશાસનતંત્રને સુરાજ્યની સ્થાપના માટે સુશાસન સાથે જોડવાનું અભિયાન ઉપાડેલું, તેની ભૂમિકા આપી નિરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, વિશ્વમાં ભારતને મહાસત્તા બનાવવા એકતા અને સુશાસન આપણી બુનિયાદ છે અને સુરાજ્ય માટે સવાસો કરોડની જનભાગીદારીને પ્રેરિત કરવા માટેનું આ અભિયાન છે. સરદાર સાહેબના એકતાના મંત્રથી ગુજરાત છેલ્લા દસ વર્ષથી જનશક્તિ દ્વારા વિકાસનું મોડલ પૂરું પાડી રહ્યું છે. ગુજરાતની જેમ હિન્દુસ્તાન પણ એકતાની તાકાત ઉપર જન-જનને જોડીને મહાસત્તા બને એવું આહ્‌વાન નરેન્દ્ર મોદીએ કર્યું હતુ. આ મહાઅભિયાન માટે ગુજરાત તો નિમિત્ત છે અને સવાસો કરોડ ભારતીયોની જન-જનને જોડવાનું અભિયાન છે.




વડીલોને વંદન
અભિનંદન




મૃદુલાબેન આર. દવે
(૧૯૪૪) ફોન: ૨૩૨૬૧૭૫૫



મહેન્દ્રભાઈ કે. ચૌહાણ
(૧૯૫૪) મો. ૯૪૨૭૦૫૬૮૪૫



જશવંતલાલ વી. ઠેકડી
(૧૯૪૭) ફોન : ૨૩૨૨૭૫૬૫



ગાંધીનગરના શ્રી ઝાલાવાડી સઈ સુથાર હિતવર્ધક મંડળ દ્વારા સે. ૧૨ ના આંબેડકર ભવન ખાતે સ્નેહમિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલે હાજરી આપી હતી. આ સમારંભમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું. જ્ઞાતિના પ્રમુખ અમરીષભાઈ પરમાર, મહેલુભાઈ ગદાણી તથા અગ્રણી શાંતિલાલ ચૌહાણ સહિત તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમને સફળ નાવ્યો હતો. (તસવીર : વિપુલ ચૌહાણ)

## આજથી યુનિ સંલગ્ન કોલેજોમાં ચોથા ચરણની પરીક્ષા

અમદાવાદ, તા.૧૫

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ત્રણ તબક્કાની પરીક્ષાઓ પૂર્ણ થઈ ચૂકી છે. ત્યારે ચોથા તબક્કાથી પરીક્ષાનો આવતીકાલથી પ્રરંભ થશે. આ પરીક્ષા આવતીકાલથી શરૂ થશે અને ૩૧મી ડિસેમ્બર સુધી ચાલશે જેમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના ૧.૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા માટે ૧૦૦ પરીક્ષા કેન્દ્રોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિ. સંલગ્ન બીએ., બીકોમ., એમએ., એમકોમ.ની પરીક્ષાનો આવતીકાલથી પ્રારંબ થઈ રહ્યો છે. જેમાં બેચલર ઓપ આર્ટસના સેમેસ્ટર -૧, બેચલર ઓફ કોમર્સના સેમેસ્ટર-૧, બેચરલ ઓફ સાયન્સના સેમેસ્ટર-૧, માસ્ટર ઓફ આર્ટસના સેમેસ્ટર-૧, માસ્ટર ઓફ કોમર્સના સેમેસ્ટર-૧ અને માસ્ટર ઓફ સાયન્સના સેમે-૧ ની પરીક્ષાનો સમાવેશ થાય છે

# સૌરવએ નરેન્દ્ર મોદીની ઓફરને આખરે ફગાવી

## બંગાળમાં ભાજપની સ્થિતીને મજબતુ કરવા ટિકિટની ઓફર કરાઈ હતી : સૌરવ ક્રિકેટમાં સક્રિય રહેવા ઈચ્છુક

કોલકત્તા, તા. ૧૫

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન અને સ્ટાર બેટ્સમેન તરીકે ચાહકોમાં છવાઈ ચુકેલા સૌરવ ગાંગુલીએ ભાજપની ટિકિટ પર ચૂંટણી લડવાની ઓફરને ફગાવી દીધી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ગાંગુલીને ભાજપ તરપથી ચૂંટણી લડવા માટેની ઓફર મળ્યા બાદ ગાંગુલીએ આ સંબંધમાં સ્પષ્ટતા કરી છે. ગાંગુલીએ કહ્યું છે કે તેનુ કામ સંસદમાં નહી બલ્કે મેદાન પર છે. તે ચૂંટણી લડવા માંગતો નથી. ગાંગુલીએ રાજકારણમાં કોઈ રસ હોવાનો સાફ ઈન્કાર કર્યો છે. ગાંગુલી પોતાને રાજકીય ગતિવિધીથી દુર રાખવા માંગે છે. એવા અહેવાલ આવ્યા હાત કે ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી તરફથી ગાંગુલીને આ ઓફર કરવામાં આવી હતી.

મોદીએ કહ્યું હતું કે જો પાર્ટી કેન્દ્રમાં સત્તામાં આવશે તો બંગાળના આ દિગ્ગજખેલાડીને કેબિનેટમાં રમતગમત પ્રધાન બનાવવામાં આવશે. એક અગ્રણી બંગાળી અખબાર સાથેની વાતચીતમાં ગાંગુલીને ટાંકીને કહેવામાં આવ્યું હતુ કે તેની પાસે ભાજપ તરફથી ચૂંટણી લડવા માટેની ઓફર આવી હતી. ગાંગુલી નવેમ્બરમાં એક મિત્ર મારફતે વરણ ગાંધીને મળ્યો હતો. ત્યારબાદથી ચૂટણી લડવાને લઈને અટકળો ચાલી રહી હતી. બંગાળમાં લોકસભાની ૪૨ બેઠક છે. જેમાં ભાજપની એકમાત્ર દાર્જિલિંગ બેઠક છે. જો સચિન તેન્ડુલકરની જેમ રાજ્યસભાની સીટની ઓફર કરાશે તો સચિનની જેમ સ્વીકારશો કે કેમ તે અંગે પુછવામાં આવતા ગાંગુલીએ કહ્યં હતું કે તેનુ કામ સંસદમાં નહી બલ્કે મેદાન પર છે. ભાજપ દ્વારા બંગાળમાં તેની સ્થિતીને મજબુત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આવી સ્થિતીમાં સૌરવ ગાંગુલીએ ઓફર ફગાવી દેતા તેને હાલ ફટકો પડ્યો છે.

### દિકરીઓ સાથે દોડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દોડમાં સિવીલ હોસ્પિટલના સિનીયર મેડીકલ ઓફિસર ડૉ. હસમુખ નાયક, કોર્પોરેશનના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીની ટીમ પણ હાજર હતી.

આ દોડમાં મ્યુનિ. કમિશનર શ્રી પાડલિયાની દિકરી તથા પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદની દિકરીએ પણ દોડનું નિયત અંતર દોડીને પૂર્ણ કર્યું હતું.

## આવતીકાલથી ધો. ૧૧-૧૨ સાયન્સની માર્કશીટનું વિતરણ

અમદાવાદ, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સની પરીક્ષાની માર્કશીટ વિતરણની વ્યવસ્થા ૧૭મી ડિસેમ્બરે કરવામાં આવી છે. આ માટે શાળાના આચાર્યો જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીથી માર્કશીટ મેળવીને પોતાની શાળાના વિદ્યાર્થીઓને વિતરણ કરવાની રહેશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર ૨૦૧૩માં ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહના સેમેસ્ટર ૧ અને ૩ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાંથી ધોરણ ૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર ૧નું પરિણામ ૯મી ડિસેમ્બર અને ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહના સમેસ્ટર ૩નું પરિણામ ૧૨મી ડિસેમ્બરે બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૭મી ડિસેમ્બરે આ બંને સેમેસ્ટરની માર્કશીટ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

### વરસાદની વકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણના ફરક્કાને લીધે ગુજરાત સૌરાષ્ટ્રમાં વાદળવાયુ યોગ બને અને જાન્યુઆરી ૨૦૧૪ની શરૂઆત સુધીમાં રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, દિલ્હી, બંગાળ, મહારાષ્ટ્રનો વિદર્ભભાગ, ગુજરાતના ભાગોમાં કાતિલ ઠંડીના યોગો રહે. ઘાઢ ધુમ્મસ જણાય અને આ ભાગોમાં કોઈ કોઈ ભાગોમાં કમોસમી વરસાદની પણ વકી રહે. અમદાવાદમાં પણ આકરી ઠંડીના દોરથી લઘુત્તમ ઉષ્ણતામાન ૧૦ ડિગ્રી સે.થી પણ ઓછુ જવાની વકી રહે. જ્યારે જાન્યુઆરીની શરૂઆતમાં તો પારો ઘણો ગગડી પણ જાય. નલીયા, ભૂજ અને સૌરાષ્ટ્રના ભાગોમાં કાતીલ ઠંડી અનુભવાય. આ આગાહી હાલમાં વૈશ્વિક હવામાન અને હમણાથી અવાર નવાર થતા પશ્ચિમી વિક્ષેપ પવનો ભૌગોલિક અને સાથેનું અનુમાન માત્ર છે અને આગાહી ઉત્પાત સંબંધી નથી આગાહી કૃષિલક્ષી છે. ઉભા કૃષિ પાકોમાં ઠંડીના લીધે કેટલાક પાકો સારા થાય અને કેટલાક પાકો પર વિષમ હવામાનની વિપરીત અસર જણાય.

### ગુજરાતની પહેલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કર્યું છે. આ કાર્યક્રમનું લક્ષ્ય છે 'ગુજરાતની કિશોરીઓ અને મહિલાઓને સ્વરક્ષણની મૂળભૂત તાલીમ આપી સમર્થ બનાવવી. સ્વામી વિવેકાનંદ માનતા હતા કે વિશ્વના કલ્યાણ માટે મહિલાઓનું ઉત્થાન કે સશક્તિકરણ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

રાજ્યના વિવિધ જિલ્લાઓની શાળાઓ, કોલેજો અને સ્વામી વિવેકાનંદ મહિલા મંડળો (એસવીએમએમ) માં અમલ કરવામાં આવશે. જેના થકી કિશોરીઓ અને મહિલાઓને સ્વરક્ષણની તાલીમ પુરી પાડવામાં આવશે. માર્શલ આર્ટસની જુદી જુદી કળાઓ જેવી કે જુડો, કરાટે, કુંગ ફુ ના નિષ્ણાંત બ્લેક બેલ્ટ ધારક કોચ કિશોરીઓ અને મહિલાઓને તાલીમ આપશે. સ્વરક્ષણ ઉપરાંત કિશોરીઓ-મહિલાઓ આ તાલીમ થકી વધુ કાર્યક્ષમ, શક્તિશાળી અને માનસિક રીતે વધુ સજ્જ બની શક્તિ-સ્ફૂર્તિ અને આત્મવિશ્વાસ કેળવે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પડકાર કાર્યક્રમને ગુજરાતી કન્યાઓ-મહિલાઓએ ખુબ સારો પ્રતિસાદ આપ્યો છે. રાજ્યના ૩૧ જિલ્લાઓની ૪૬૭ શાળા-કોલેજ સહિતના સંસ્થાઓમાં આ કાર્યક્રમનો તાજેતરમાં જ પ્રારંભ કરવામાં આવ્યો છે. ૧૭૨ જેટલા કોચ રજીસ્ટ્રેશન કરાવેલ ૧૫૭૫૯૯ કિશોરીઓ-મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપી રહી છે. યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતે મહિલા સશક્તિકરણના આ અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

### દોડવીરોથી ઉભરાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, મ્યુનિ. કમિશ્નર શ્રી પાડલિયા, પ્રભારી સચિવ શ્રી સંજયપ્રસાદ, પૂર્વ કલેક્ટર શ્રી હૈદર, મહેસુલી કમિશ્નર શ્રી જી. અલોરિયાની આગેવાનીમાં દોડનો આરંભ થયો હતો. આ દોડમાં કરાઈ પોલીસ એકેડમી, ફિશરીઝ ડિપાર્ટમેન્ટની ટીમ સહિતના કર્મચારીઓ જોડાયા હતા.


દોડમાં કોર્પોરેશનના કાઉન્સીલરો અને મેયર પણ જોડાયા હતા. જો કે આજની દોડ માટે વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર કાનપુર, ચેખલારાણી, દોલારાણા-વાસણા, પાલજ, સે. ૭ આદર્શ નિવાસી શાળા, સે. ૧૬ની માધ્યમિક શાળા, બાસણ, સેંટ ઝેવિયર્સ, કડી સર્વ વિદ્યાલય સંકુલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગર શહેરમાં પહેલીવાર એક સાથે આટલી મોટી સંખ્યામાં દોડવીરો સ્વર્ણીમ પાર્ક માર્ગ પર દોડ્યા હતા. આ વિક્રમી ઘટના માટે દર ૨૦૦ મીટરના અંતરે ખાસ સ્ટુઅર્ડની નિમણુંક કરવામાં આવી હતી.

કેટલાક દોડવીરો થાકી ગયા હતા અને તેમણે અધવચ્ચેથી બગીચામાં પસાર થઈ સર્કલ વટાવી તેમનું ગૃપમાં પુનઃ જોડાતા પણ જોવા મળ્યા હતા.

દોડમાં સૌથી છેલ્લે જિલ્લા કલેક્ટર કચેરી, પંચાયત કચેરીના અધિકારીઓ જોડાયા હતા અને તેમના પહેલાં સિનીયર સિટીઝનોની એક ટીમ જોડાઈ હતી. ગાંધીનગર રનર્સ ગૃપની ટીમ પણ આ દોડનો હિસ્સો બની હતી. આ દોડમાં ભાગ લેનાર દોડવીરોની ઓળખ માટે ખાસ સ્ટીકરો પણ આપવામાં આવ્યા હતા.

## શબ્દાવલી - ૫૨૫૮



**આડી ચાવી**

૧. ખેડૂતનો કામધંધો (૪)
૪. શ્રીકૃષ્ણના ગરીબ બ્રાહ્મણ મિત્ર (૩)
૬. રજની, નિશા (૨)
૭. ચમકદમક (૪)
૮. દૂધની મલાઇ, તોર (૨)
૯. ઉનાળામાં... વાય (૧)
૧૦. નશો, કેફી દ્રવ્ય (૩)
૧૧. વિરામ ચિહ્ન (૫)
૧૪. લાફો, થપાટ (૪)
૧૭. આરામદાયી (૬)
૧૮. લાઇન (૩)
૧૯. 'ચણ' શબ્દ ઊંધો (૨)

**ઊભી ચાવી**

૧. દાન (૩)
૨. એક પક્ષી (૩)
૩. ઘણી ગાડીઓ પેટ્રોલથી ચાલે અને ઘણી... થી (૩)
૪. સુનકાર, ઉજ્જડ (૪)
૫. ડાઘ, એક ફિલ્મ (૨)
૧૦. ઉતર્યો... કોડીનો (૫)
૧૧. ભમરો (૨)
૧૨. ભયાનક (૪)
૧૩. વહેમ, શંકા (૨)
૧૫. દૂધ, મિલ્ક (૨)
૧૬. લોકવાયકામાં ચુડેલ સ્ત્રી (૩)
૧૭. કિનારો (૨)

### શબ્દાવલી ૫૨૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) આવરોજાવરો (૬) જીરો (૭) સાગ (૮) વખ (૯) માચિ (૧૧) ચિઠ્ઠીનો ચાકર (૧૪) જસ (૧૫) સલાડ (૧૬) મામા (૧૭) રમપ (૧૯) લીન (૨૦) જસી (૨૧) કતરણ (૨૨) સુડો
**ઊભી ચાવી :-** (૧) આજીવન (૨) વરો (૩) જાસાચિઠ્ઠી (૪) વગ (૫) બખ્તર (૯) માચિસ (૧૦) લોચાલાપસી (૧૨) નાસમજ (૧૩) કડ (૧૪) જમાનત (૧૬) માલિક (૧૮) નેહડો

### કંપની સમાચાર

### આગામી બે વર્ષમાં ગુજરાતમાં હોમ લોન અને એમએસએમઈ ધિરાણને બમણાં કરવાની આઈડીબીઆઈ બેન્કની યોજના

આઈડીબીઆઈ બેન્ક લિ. ગુજરાતમાં પોતાનો હોમ લોન તથા એમએસએમઈ લોનના પોર્ટફોલિયોમાં આક્રમકપણે વૃદ્ધિ કરવાનું આયોજન કરી રહી છે. આ બેન્કે આગામી બે વર્ષ દરમિયાન પોતાની હોમ લોન અને એમએસએમઈ ધિરાણને બમણું કરવાનો લક્ષ્યાંક સ્થાપ્યો છે.

હાઉસિંગ ફાઈનાન્સના ગ્રાહકોને લક્ષ્યાંક બનાવવા માટે આ બેન્કે એક ટેકઓવર સ્કીમની રજૂઆત કરી છે, જેમાં ગ્રાહકો પોતાની હાઉસિંગ લોનને આઈડીબીઆઈ બેન્કમાં ખસેડી શકશે, જેના માટે ગ્રાહકો પાસેથી કોઈ પ્રકારના પ્રોસેસિંગ ચાર્જીઝ લેવામાં આવશે નહીં, આ બેન્ક નવી હોમ લોન પર પણ કોઈ પ્રોસેસિંગ ફી વસૂલતી નથી. આ ઉપરાંત, આઈડીબીઆઈ બેન્ક વધુ એક યોજના ધરાવે છે, જેમાં તે આઈડીબીઆઈમાં પોતાની હાઉસિંગ લોન તબદીલ કરાવી ચૂકેલા તેમજ વધુ ભંડોળ મેળવવા ઈચ્છતા ગ્રાહકોને તેમણે લીધેલી મૂળ લોનના ૧૦૦ ટકા સુધીની રકમનું વધારાનું ધિરાણ પૂરું પાડે છે.

આ બંને યોજના માટે, આ બેન્ક પોતાના વર્તમાન બેઝ રેટે ચાર્જ લે છે, જે હાલમાં ૧૦.૨૫ ટકાના સ્તરે છે. ઉપરોક્ત બંને સ્કીમ સિવાય, આઈડીબીઆઈ બેન્ક બેન્કના ગ્રાહકો માટે એક વિશિષ્ટ સ્કીમ પણ ધરાવે છે, જેમાં તે નવા ગ્રાહકો લાવનારા પોતાના ગ્રાહકોને ઈન્સેન્ટિવ ચૂકવે છે, આ બેન્ક મિલ્કત સામે ધિરાણ પૂરું પાડે છે. બેન્કની વ્યૂહરચના વિગતવાર સમજાવતા, આઈડીબીઆઈ બેન્કના ચીફ જનરલ મેનેજર અને ઝોનલ હેડ શ્રી ડી.સી. જૈને જણાવ્યું હતું કે, આઈડીબીઆઈમાં અમે દૃઢ પણે એવું માનીએ છીએ કે એમએસએમઈ ક્ષેત્ર કોઈપણ અર્થવ્યવસ્થાને વિકાસ તરફ દોરી જનારું પરિબળ છે અને ગુજરાત એક એવું રાજય છે કે જેના એમએસએમઈની સંખ્યા દેશભરમાં સૌથી વધુ છે. અમે એ પણ સમજીએ છીએ કે ઊંચા વ્યાજદરની પરિસ્થિતિમાં હોમ લોન અને એમએસએમઈ ગ્રાહકોનો સૌથી વધુ અસર પામેલા લોકોમાં સમાવેશ થાય છે. અત્યારની પરિસ્થિતિમાં આઈડીબીઆઈ બેન્ક સૌથી વધુ સ્પર્ધાત્મક એવા વ્યાજ દર પૂરા પાડે છે.

### ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કારણ પોલીસ અધિકારીઓના મોરલને ટકાવી રાખવાનું હોઈ શકે છે. કારણ કે બોગસ એન્કાઉન્ટરના કેસો પછી આ કામ ખૂબ જરૂરી હતું. માત્ર મૌખિક આદેશને માનનારા અધિકારીઓ હાલ જેલમાં છે તેથી પોલીસ બેડામાં નિરાશાનો માહોલ હતો.

ભારતના ચૂંટણી પંચની નજર નહીં પડે તો હાલના પોલીસ વડાને કોઈ વાંધો નહીં આવે, કારણ કે જો સાબરમતી જેલનો સુરંગકાંડ ખૂલ્યો તો હાલની નિમણૂક સામે મોટો પડકાર આવી શકે તેમ છે. સરકારને એવી દહેશત છે કે ભારતનું ચૂંટણી પંચ ગમે તે સમયે લોકસભાની ચૂંટણીના બહાને અધિકારીઓના પોસ્ટીંગ રદ કરી શકે છે. રાજકીય નેતાઓના લેખિત ઓર્ડર સ્વિકારવાની વાત અજય દેવગન અભિનિત હિન્દી ફિલ્મ સિંઘમમાં આવે છે અને ગુજરાતના પોલીસ ઓફિસરોએ આ ફિલ્મ જોઈ છે....

**જામનગર બેઠક *કોંગ્રેસ* અત્યારથી જ ગુમાવી દીધી....**

ગુજરાતમાં કોંગ્રેસ માટે સિક્યોર ગણી શકાય તેવી બેઠક જામનગર હતી પરંતુ ઓસ્ટ્રેલિયાની બોગસ ઓઈલ કંપનીના સ્ટીંગ ઓપરેશનમાં જામનગરના કોંગ્રેસના સંસદસભ્ય વિક્રમ માડમનું નામ ઉછળતાં પ્રદેશ કોંગ્રેસને આંખે અંધારા આવી ગયા છે, કારણ કે પ્રદેશ એકમે સિટીગ સંસદસભ્યોની ટીકીટ નહીં કાપવાનું નક્કી કર્યુ છે. હવે આ બાબતે હાઈકમાન્ડ પુનવિચાર કરે તેવી સંભાવના છે. જામનગરમાં નવો કેન્ડિડેટ પસંદ કરવો પડે તો નવાઈ નહીં..

આમ પણ કોંગ્રેસના હાલના ત્રણ કેન્દ્રીય પ્રધાનો સામે મોદીનો ખતરો છે, દિનશા પટેલ, ભરતસિંહ સોલંકી અને તુષાર ચૌધરી યુપીએની કેબિનેટમાં સ્થાન ધરાવે છે. મોદીએ આ ત્રણેય મંત્રીઓની બેઠક ઉપર મજબૂત ઉમેદવાર મૂકવાનું નક્કી કરેલું છે. વિધાનસભામાં અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ અને સિદ્ધાર્થ પટેલને ટારગેટ બનાવ્યા છે તેમ હવે આ ત્રણ મંત્રીઓ લાઈનમાં છે... કોંગ્રેસ સંભાળવા જેવું છે....

**ભલામણ પત્રો નોટ છાપવાનું મશીન તો નથી જ ને...**

સ્ટીંગ ઓપરેશનનો સમય શરૂ થયો છે. ચૂંટણી આવે એટલે સ્ટીંગ ઓપરેશન શરૂ થાય છે. દિલ્હીની ભૂમિ સ્ટીંગ ઓપરેશન માટે સાનૂકૂળ વાતાવરણ ધરાવે છે. સંસદસભ્યો અને મંત્રીઓના સ્ટીંગ થાય છે. હજી રાજયોમાં ધારાસભ્યોના સ્ટીંગ ખૂબ ઓછા થયા છે, કારણ કે એવું પાવરફુલ ટુલ રાજયોમાં ઉભું થયું નથી. બહારના પ્રોફેશનલ્સ આવીને સ્ટીંગ કરી જાય તો વાત જુદી છે....હા, ગુજરાતમાં ફોન ટેપીંગ નવી બાબત નથી. મહત્વના લોકોના મોબાઈલ ફોન ટેપીંગ જરૂર થાય છે એટલે જ આપણા પ્રદેશ નેતાઓ અને બ્યુરોક્રેસીમાં બે મોબાઈલ વસાવવાનું ફરજીયાત છે....

જો કે તમામ રાજકીય નેતાઓ માટે આ એક ખતરાની ઘંટી છે. પ્રજા થકી પ્રજાના પૈસે ચૂંટાતા ધારાસભ્યો અને સંસદસભ્યો ક્યા કામો કરે છે તેનો હિસાબ પ્રજાને આપવાનો હોય છે. પ્રજાના હિત માટે ભલામણો થતી હોત તો વાધો હોઈ શકે નહ, પરંતુ કોઈ કંપની માટે ભલામણ પત્ર લખીને સામે રૂપિયાની લેતી-દેતી કરવાની થાય તો તેના જેવી શરમ બીજી કોઈ હોઈ શકે નહીં.. વીઆઈપી ભલામણ પત્રો એ નોટ છાપવાનું મશીન તો નથી જ ને... ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બાંગારૂ લક્ષ્મણ માત્ર એક લાખ રૂપિયાની લાંચ લેતા પકડાયા હતા તે સ્ટીંગ આખા ભારતે જોયું છે...હવે આ ૧૧ એમપીનું શું થશે તે તેમની પાર્ટી જ નક્કી કરશે...

**દિલ્હીની આમ આદમી પાર્ટીના ગુજરાતમાં પગરણ...**

ગુજરાતમાં વધુ એક નવી પાર્ટીના ભણકારા વાગી રહ્યાં છે. લોકસભાની ચૂંટણી પહેલાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી -એએપી ના પગરણ સંભળાઈ રહ્યાં છે. આપણા પૂર્વ મંત્રી અને જેમણે છાસવારે પાર્ટીઓ બદલી છે તેવા જસપાલ સિંઘ આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. આ પાર્ટીમાં હજી કોણ જોડાશે તેની યાદી બનવા જઈ રહી છે... રાજયના તમામ જિલ્લાઓમાં એવા ચહેરા શોધવામાં આવી રહ્યાં છે કે જેઓ વગદાર હોય અને કોંગ્રેસ કે ભાજપમાં મહત્વ મળ્યુ ન હોય...

બીજા રાજયોમાં ત્રીજા મોરચાને ભલે સફળતા મળતી હોય, ગુજરાતમાં પ્રાદેશિક પાર્ટીઓ કે ત્રીજી કોઈ રાષ્ટ્રીય પાર્ટી ફાવી નથી. તે પછી ચીમનભાઈ પટેલનું જનતાદળ હોય કે શંકરસિંહ વાઘેલાની રાષ્ટ્રીય જનતા પાર્ટી હોય....છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના વરિષ્ઠ નેતા કેશુભાઈ પટેલે એક નવી જ પાર્ટી ગુજરાત પરિવર્તન પાર્ટી - જીપીપીનો ઉદય કર્યો છે. આ પાર્ટી હાલ ડચકાં ખાઈ રહી છે. તેના એક પછી એક નેતાઓ સરકી રહ્યાં છે...આવા સમયે આમ આદમી પાર્ટીના પાટીયા નંખાઈ રહ્યાં છે...એનજીઓ અને નિવૃત્ત ઓફિસરોને જલસા છે....

***મિનરલ બોટલે નહીં પ્રજાએ હાથ સાફ કરી આપ્યા.....***

ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનો નાતો વ્યાપાર અને પ્રવાસનનો રહ્યો છે. વર્ષોથી આ બન્ને રાજયો વચ્ચેના સબંધો ચાલી આવે છે. માઉન્ટ આબુ હોય કે ઉદેપુર-જયપુર હંમેશા ગુજરાતી પ્રવાસીઓથી ઉભરાતું હોય છે, બીજી તરફ ગુજરાતમાં ખાણી-પીણીના વ્યવસાયમાં રાજસ્થાનીઓનો દબદબો છે. રાજસ્થાનમાં તાજેતરમાં વિધાનસભાની ચૂંટણી થઈ છે જેમાં કોંગ્રેસનો સફાયો થયો છે...સફાયો થાય જ ને.. કારણ કે એવા ઉમેદવારો મેદાનમાં હતા જેમણે ચૂંટાયા પછી પ્રજાની સામે જોયું નથી.. ભાજપની એક લહેર ઉઠી અને પ્રજાએ ખોબો ભરીને મતો આપ્યા છે...

રાજસ્થાન કોંગ્રેસના એક ઉમેદવાર કે જેઓ ચૂંટણી પ્રચારમાં જતા હતા ત્યારે લોકોની વચ્ચે રહીને હાથ મિલાવતા હતા...એક મહોલ્લામાં પ્રજા સાથે હાથ મિલાવીને પછી ગાડીમાં બેસતા પહેલાં મિનરલ વોટરની બોટલના પાણીથી તેમના હાથ સાફ કરતા હતા... કોઈએ તેમને પૂછ્યું સાહેબ, આવું કેમ કરો છો.. તેમનો જવાબ હતો કે જોયું નહીં કેવા કેવા લોકો સાથે હાથ મિલાવવા પડે છે... હાથ સાફ તો કરવા પડે ને... મતપેટીઓ ખૂલી તો આ મહાશયના હાથ લોકોએ જ સાફ કરી દીધા... જીત તો દૂર રહી તેમની ડિપોઝીટ પણ ડૂલ થઈ ગઈ છે...!!! ભાઈ યે પબ્લિક હૈ સબ જાનતી હૈ...